# ઉનાળાના પ્રારંભે વાદળો ઘેરાયા વાતાવરણમાં બે દિવસમાં ભારે પલટો : ભૂમિપુત્રો અને પ્રજાજનો દંગ

મોડાસા, તા. ૧૩

અરવલ્લી જિલ્લામાં ઉનાળાના પ્રારંભ સમયે જ વાતાવરણમાં ગુરૂવાર બપોર પછી અચાનક પલટો આવી ગયો છે. ગુરૂવારે રાત્રે અરવલ્લી જિલ્લાના અમુક વિસ્તારોમાં ભારે પવન સાથે વરસાદ ખાબક્યો હતો. રવિસીઝન પાક લણવાના સમયે જ અઠવાડિયામાં સતત બે વાર માવઠુ લેવાની તડામાર તૈયારીઓ ભૂમિપુત્રોએ આદરી દીધી છે. ત્યારે ગુરૂવારે અચાનક વાતાવરણમાં પલટો આવી પવન સાથે વરસાદ વરસવાનું શરૂ થઈ જતાં ખેડૂતો મુંઝવણમાં મુકાઈ ગયા છે. હાલમાં ખેતરોમાં બટાકા, ઘઉં, એરંડા, જીરૂ, રાયડાના પાક ખેતરમાં તૈયાર પડ્યો છે. ત્યારે ફરીથી માવઠા સાથે વાદળછાયુ વાતાવરણ છવાતાં ફરીથી એકવાર ખેડૂતોએ કુદરતના પ્રકોપનો ભોગ બનવાનો વારો આવ્યો છે. સતત વાદળછાયા વાતાવરણના કારણે પાકની ગુણવત્તા તેમજ વજન પર ખૂબ માઠી અસર જોવા મળતા ખેડૂતો ચિંતીત બની ગયા છે. ખેડૂતોની હાલત ભગવાન ભરોસે હોવાથી લાચાર બની આકાશ સામે તાંકી રહેવા સિવાય કોઈજ ઉપાય ન હોવાથી ભૂમિપુત્રોમાં માયુષી છવાઈ છે.


(તસવીર : જય અમીન, મોડાસા)

સતત વાદળછાયા વાતાવરણના કારણે અને હમણાં થોડાક દિવસો આગળ થયેલા માવઠાના કારણે વાતાવરણમાં ઠંડક પ્રસરતી હોવાથી જીલ્લાના પ્રજાજનોમાં વાઈરલ ઈન્ફેક્શનના કેસોમાં ધરખમ વધારો થયો છે. અત્યારે અરવલ્લી જિલ્લાની ખાનગી અને સરકારી હોસ્પિટલો તાવ, શરદી, ખાંસી અને ગળામાં દુખાવાની ફરીયાદ સાથે તબીબ જોડે સારવાર કરાવવા માટે દરદીઓની લાંબી લાઈનોની કતાર જોવા મળી રહી છે. અરવલ્લી જિલ્લાની તમામ ખાનગી હોસ્પિટલોમાં વાઈરલ ઈન્ફેક્શનના તબીબો પણ વાઈરલ ઈન્ફેક્શનના સપાટામાં જડપાઈ ગયા છે.

થતાં ખેડૂતો મુંઝવણમાં મુકાયા જ્યારે વાદળછાયા વાતાવરણથી વાઈરલ ઈન્ફેક્શનમાં ધરખમ વધારો થતાં માણસો બીમારીની લપેટમાં આવી ગયા છે.

અરવલ્લી જિલ્લામાં ભૂમિપુત્રોની હાલત કફોડી બની જવા પામી છે. જિલ્લામાં અત્યારે રવિસીઝનના મુખ્યત્વે બટાકા, ઘઉં, જીરૂનો પાક

## મોડાસા મહેતા કુટુંબનું ગૌરવ

ધનસુરા, તા.૧૩

માલપુરન વતની અને મોડાસા રહેતા પરેશભાઈ બિહારીલાલ મહેતા મોડાસાની મ.લા. ગાંધી ઉચ્ચતર કેળવણી મંડળના મંત્રી તરીકે કેળવણી મંડળની મળેલ સામાન્ય સભામાં ૩ વર્ષ માટે મંડળના મંત્રી તરીકે વરણી કરવામાં આવતા તેમણે માલપુર અને મોડાસા મહેતા કુટુંબનું ગૌરવ વધાર્યું છે.

## ધનસુરામાં મતદાર યાદી સુધારણા કાર્યક્રમ શરૂ


ધનસુરા, તા.૧૩

ધનસુરાના મદદનીશ મતદાર નોંધણી અધિકારી અને મામલતદાર કચેરી એક યાદીમાં જણાવે છે કે મતદાર યાદીમાં નામ દાખલ કરવા, કમી કરાવવા,નામ સુધારવા, વાંધા અરજી રજુ કરવા અંગે તા. ૧૫-૪-૨૦૧૫ થી૩૦-૬-૨૦૧૫ દરમિયાન પોતાના ભાગના બુથ ઉપરના પ્રા. શાળાના બી.એલ. ઓફિસરને ફોર્મ ભરી જરુરી આધાર પુરાવા, મોબાઈલ નંબર, આધાર કાર્ડ નંબર સાથે આપવાના રહેશે. મતદાર નોંધણી અધિકારીએ વધુમાં જણાવ્યું હતું કે આ માટેના ફોર્મ મામલતદાર કચેરી તથા પોતાના મતદાન મથકના બી.એલ. ઓફિસર પાસેથી મેળવી શકશો.

# મેઘરજના સેંદર્ય ગામ પાસેથી પશુ ભરેલી ટ્રક ઝડપાઈ : ૧૭ લાખથી વધુનો મુદ્દામાલ જપ્ત

મોડાસા, તા. ૧૩

અરવલ્લી જિલ્લાના મેઘરજ તાલુકાના ઉન્ડવા નજીક આવેલા સેંદર્ય ગામ નજીકથી ગઈકાલે રાત્રીના સુમારે મેઘરજ પોલીસ સ્ટેશનના પી.એસ.આઈ. એસ.પી. મોડીયાએ વાહનોનું સઘન ચેકીંગ હાથ ધર્યું હતુ. જેમાં રાજસ્થાન તરફથી આવતી ટ્રક શંકાસ્પદ જણાતાં ટ્રકમાં બે ભાગ બનાવીને પશુઓને ગેરકાયદેસર લઈ જતી ટ્રકમાંથી ૩૮ ભેંસોને બચાવી ઈડર પાંજરાપોળમાં મોકલી આપી ૩ આરોપીઓને ઝડપી પાડ્યા હતા.



(તસવીર : સમીર બલોચ, મોડાસા)

મેઘરજ તાલુકાના ઉન્ડવા નજીક આવેલ સેંદર્ય ગામ નજીકથી ગુજરાત રાજ્યમાં ગેરકાયદેસર ટ્રક દ્વારા પશુઓને કતલખાને લઈ જતી ટ્રક ઝડપી પાડવામાં આવી હતી. મેઘરજ પોલીસ સ્ટેશનના પી.એસ.આઈ. મોડીયાએ ગઈકાલે રાત્રે રાજસ્થાન તરફથી આવતા વાહનોનું સઘન ચેકિંગ હાથ ધર્યું હતું. જેમાં રાજસ્થાન-ઉન્ડવા તરફથી આવતી ટ્રક (ગાડી નં. જીજે૯૨૩૧૯૦) શંકાસ્પદ જણાતાં પોલીસ સ્ટાફ દ્વારા તલાશી લેતાં ટ્રકમાં પાટીયા ગોઠવી બે ભાગ બનાવી અંદરની બાજુએ ખુબજ ઘાતકી હાલતમાં ઘાસચારાની વ્યવસ્થા કર્યા વગર હલનચલન ન કરી શકે તે રીતે મોંઢા અને પગના ભાગે દોરડાથી બાંધેલ ૩૮ ભેંસોને કતલખાનો લઈ જતા ત્રણ આરોપીઓને ઝડપી પાડ્યા હતા. જેમાં (૧) અકબર શાબીર મુલતાની (૨) જાફરભાઈ મુલતાની (૩) નજીરભાઈ મુલતાની તમામ રહે. ચાંદટેકરી તા. મોડાસા, જિ. અરવલ્લીને ગેરકાયદેસર પશુઓની હેરાફેરી કરી કતલખાને લઈ જવાના ગુના હેઠળ પશુઅત્યાચાર અધિનીયમ ૧૯૫૪ કલમ હેઠળ મદદગારી કરી ૩૮ ભેંસો, બે મોબાઈલ અને એક ટ્રક મળી કુલ ૧૭.૬૨ લાખનો મુદ્દામાલ જપ્ત કરી ત્રણે આરોપીઓને જેલના સળીયા પાછળ ધકેલી દીધા હતા. જ્યારે ઝડપાયેલી ભેંસોને મેઘરજ પી.એસ.આઈ. મોડીયાએ યોગ્ય ઘાસચારા પાણીની વ્યવસ્થા કરી ઈડર પાંજરાપોળ મોકલી આપવામાં આવી હતી. ઉન્ડવા બાજુથી ગેરકાયદેસર પશુઓનો કતલખાને ઘુસાડતી કસાઈઓમાં ભય વ્યાપી ગયો છે.

## ચૂંટણી આચારસંહિતા કેસમાં સાબરકાંઠાના પૂર્વ સાંસદ મહેન્દ્રસિંહનો નિર્દોષ છુટકારો

ખેડબ્રહ્મા, તા. ૧૩

સાબરકાંઠાના પૂર્વ સાંસદનો ચૂંટણી આચારસંહિતાના કેસમાં ખેડબ્રહ્મા કોર્ટમાં નિર્દોષ છુટકારો થયો હતો અને તપાસ અધિકારીની જાટકણી કાઢી નાખી હતી.


વર્ષ-૨૦૦૯ની લોકસભાની ચૂંટણીના સાબરકાંઠા મત વિસ્તારના ઉમેદવાર અને પૂર્વ સાંસદ ડૉ. મહેન્દ્રસિંહ ચૌહાણ ઉપર ખેડબ્રહ્મા તાલુકાના વરતોલ ગામે ચૂંટણી પ્રચાર દરમિયાન સક્ષમ અધિકારીની પૂર્વ મંજુરી વગર જાહેરસભા કરી જાહેરનામાનો ભંગ કર્યા અંગેનો આક્ષેપ કરતી ફરિયાદ જે તે સમયના મદદનીશ ચૂંટણી અધિકારી કે.એસ. વસાવાએ કરી હતી. જે કેસ બચાવ પક્ષે વકીલ રાજેન્દ્રસિંહ ચૌહાણ હાજર રહેતા તે કેસ ખેડબ્રહ્માની કોર્ટમાં ચાલી જતા ખેડબ્રહ્માના જ્યુ.મે. આર.બી. જોષીએ આજના આઈ.ટી.યુગમાં ઈલેક્ટ્રોનીક્સ રેકર્ડના પુરાવા અંગે વિસ્તૃત છણાવટ કરી તપાસ કરનાર અમલદાર પોલીસ સબ ઈન્સ્પેક્ટર પી.એલ. ચૌધરીની અણઘડ તપાસની જાટકણી કાઢી વકીલ રાજેન્દ્રસિંહ ચૌહાણની દલીલો ધ્યાને લેવડાવી પૂર્વ સાંસદ ડૉ. મહેન્દ્રસિંહ ચૌહાણને નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હૂકમ કર્યો હતો.


## પાલનપુરમાં મોડી સાંજે આંધી સાથે વરસાદી ઝાપટુ

પાલનપુર, તા. ૧૩

આજે મોડી સાંજે બનાસકાંઠા જિલ્લાના પાલનપુરમાં જોરદાર આંધી-પવન સાથે વીજળીના કડાકા સાથે ધોધમાર વરસાદ તુટી પડ્યો હતો. એકાએક આવેલા વરસાદથી શહેરીજનોમાં ભારે દોડધામ મચી જવા પામી હતી. શહેરમાં ઠેર ઠેર લગાવેલા ગેરકાયદેસર હોર્ડીંગ્સો તુટી પડ્યા હતા. આ વરસાદથી ખેતરમાં ઉભેલા પાકને ભારે નુકસાન થવાની સંભાવનાઓથી ખેડૂતોમાં ચિંતાનું મોજુ ફરી વળ્યુ છે. શહેરના કેટલાક વિસ્તારોમાં વીજળી ડુલ થઈ જવા પામી હતી. જિલ્લાના અન્ય ભાગોમાં પણ વરસાદ થવાના અહેવાલ મળેલ છે.

# ડીસાના કુંપટ ગામે શીતળા સાતમના લોકમેળામાં શ્રદ્ધાનું ઘોડાપુર


(તસવીર : કાંતિલાલ લોધા, ડીસા)



લોકમેળાઓ એક આગવી સંસ્કૃતિ અને પરંપરા ભારતીય સંસ્કૃતિનો ઈતિહાસ, રહેણીકરણી સાથે ધાર્મિકતા અને ભાઈચારાની લાગણીનો સંદેશ પણ ફેલાવતા આધુનિક યુગમાં પણ વર્ષોથી આવા મેળાઓ આજે પણ ભરાય છે, જેમાં ડીસાના સાતમના દિવસે કુંપટ ગામે શીતળા સાતમના લોકમેળામાં શ્રદ્ધાનું ગોડાપુર ઉમટી પડતા હજારો શ્રદ્ધાળુ અહીં દર્શને આવ્યા હતા.

બનાસકાંઠાના ડીસામાં કુંપટ ગામે શીતળા સાતમનાં દિવસે અહીંના પ્રાચીન શીતળા માતાજીના મંદિરે વર્ષોથી લોકમેળો યોજાય છે, બાળકોને ઓરી નીકળ્યા હોય ત્યારે લોકો શીતળા માતાજીની બાધા આખડી રાખે છે, અને બાધા પુરી થાય ત્યારે બાળકના વજન પ્રમાણે સાકર, ગોળ, ખજૂર કે અન્ય પ્રસાદ પણ ચઢાવે છે, તો વળી અહીં માતાજીને પ્રસાદરૂપે તાંદળજાની ભાજી પણ ચઢાવવામાં આવે છે, આ મંદિરનો ઈતિહાસ ૭૦૦ વર્ષ જુનો હોવાનું સ્થાનિકોએ જણાવેલ છે. જેમાં ૭૦૦ વર્ષ પહેલા આહીર સમાજના લોકોએ અહી શીતળા માતાનું મંદિર સ્થાપ્યું હતું, જેની આજે પણ પૂજા થાય છે અને ફાગણ માસમાં સાતમના દિવસે અહીં મેળો ભરાય છે.

આ મંદિર આજુબાજુના અનેકો ગામના લોકોમાં ભારે શ્રધ્ધાનું કેન્દ્ર છે. ફુલમાળાઓ શણગારવામાં આવેલું મા શીતળાનું શુશોભિત મંદિરમાં દર્શનનો લાહવો લેવા લોકો કતારબંધ જોવા મળ્યા હતા અને દર્શન કરી ધન્યતા અનુભવતા હતા. આ વર્ષે વહેલી સવારથી જ મેળામાં અનેક લોકો પરિવાર સાથે ઘરેથી રાંધણ છઠ્ઠે બનાવેલી રસોઈ લાવી મેળા સાથે પીકનીકની મજા માણી હતી. આ લોકમેળામાં ગુજરાતી ચલચિત્ર જગતના ફિલ્મો જેવા દશ્યોમાં ધબુકતા ઢોલ, ગામઠી પહેરવેશ સાથે મન મુકી મેળો માનતા ગ્રામજનો, ચકરડી, ચકડોળ અને બાળકોને મનોરંજન આપતા લપસણી સાથે વિવિધ સ્ટોલ, શેરડીના એક ઘાએ બે કટકા જેવા દશ્યો સાથે મહિલાઓને બંગડી, છુંદણા અને રમકડાના સ્ટોલો પણ ભારે આકર્ષણનું કેન્દ્ર બન્યા હતા, જે આ મેળામાં આવતા દર્શનાર્થી માટે માણવાલાયક બન્યા હતા. આ લોકમેળામાં ડીસા તાલુકા પોલીસ, આગથા પોલીસ દ્વારા ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવાયો હતો.

# મોડાસા શહેરનો ડિપ વિસ્તાર ગંદકીથી ખદબદ : પ્રજાજનો ભગવાન ભરોસે

મોડાસા, તા. ૧૩

સમગ્ર ગુજરાત રાજ્યને સ્વાઈનફ્લુ નામની મહામારી રોગે ભરડામાં લીધી છે અને ગુજરાત રાજ્ય સરકાર દ્વારા ગુજરાત રાજ્યને સ્વચ્છ બનાવવા રાજ્યવ્યાપી સફાઈ ઝુંબેશ હાથ ધરી સ્વચ્છ ગુજરાત નિરોગી ગુજરાતનું અભિયાન હાથ ધરવામાં આવ્યું છે. ત્યારે બીજી તરફ મોડાસા શહેરના ડિપ વિસ્તારમાં કેટલાક ફેરીયાઓ દ્વારા ગંદકી ફેલાવવાની અને મોડાસા નગરપાલિકા દ્વારા બનાવવામાં આવેલ શુલભ શૌચાલયની આજુબાજુ તેમજ નગરપાલિકા દ્વારા વિવિધ સોસાયટીના રહીશોને પાણી પુરૂ પાડતા પાઈપના વાલ્વ અથવા એર પાઈપ ગટરની બાજુમાં ખુલ્લા રાખીને મોડાસા શહેરના પ્રજાજનોના આરોગ્ય સાથે ગંભીર ચેંડા કરવામાં આવી રહ્યા છે.

મોડાસા શહેરના મોડાસા-શામળાજી માર્ગ પર આવેલ ભરચક ડિપ વિસ્તારમાં સ્કૂલ, હોસ્પિટલો, વિવિધ શોપિંગે સન્ટરો તેમજ રહેણાંક સોસાયટીઓ આવેલી છે. મોડાસા શહેરમાં જ્યારે હિપેટાઈટીસ, ટાઈફોઈડ અને સ્વાઈનફ્લુ નામની ગંભીર બિમારીઓએ માથુ ઉંચક્યુ છે ત્યારે ડિપ વિસ્તારમાં આવેલી ખાણીપીણીની લારી-ગલ્લાઓવાળા દ્વારા ડિપ વિસ્તારમાં અડીંગો જમાવી તેમજ શૌચાલયની આજુબાજુ ગેરકાયદેસર લારીઓ ઉભી રાખી રહેણાંક વિસ્તારમાં ગંદકી ફેલાવી લોકોના આરોગ્ય સાથે ચેડા કરવામાં આવી રહ્યા છે. જ્યારે બીજી બાજુ ડીપ વિસ્તારના બગીચા બાજુમાં નગરપાલિકા દ્વારા રહેણાંક સોસાયટીના રહીશોને પાણી પુરૂ પાડવાના વાલ્વની પાઈપલાઈન અથવા એર પાઈપ ગટરની બાજુમાં ગંદકીથી ખદબદતી જગ્યામાં ખુલ્લા રાખી દઈને ડિપ વિસ્તાર અને મેઘરજ નજીકમાં આવેલી સ્કૂલના બાળકો અને રોડ પર આવેલી સોસાયટીના રહીશો પાણી પુરૂ પાડવામાં આવી રહ્યું છે. જેના કારણે ડિપ વિસ્તારના પ્રજાજનોને ગંભીર બિમારીઓમાં સપડાવવાનો ભય રહેલો છે.


(તસવીર : જય અમીન, મોડાસા)

આધારભૂત સુત્રોના જણાવ્યા અનુસાર ગુજરાત રાજ્ય સરકાર દ્વારા સ્વચ્છ નગર અભિયાન હેઠળ લાખ્ખો રૂપિયાની ગ્રાન્ટ ફળવાઈ હોવા છતાં શહેરનો ડિપ વિસ્તારની ગંદકી અસહ્ય બની ગઈ છે. નગરપાલિકા દ્વારા સ્વચ્છ નગર અભિયાન માટે કોઈપણ પ્રકારની યોગ્ય રણનીતિ કે માસ્ટર પ્રોજેક્ટની તૈયારીઓ કરાયેલી નથી અને સ્વચ્છ નગર અભિયાન હેઠળ ફળળાયેલી લાખ્ખો રૂપિયાની ગ્રાન્ટનો મનફાવે તેમજ વાપરવાની નીતિથી ભ્રષ્ટાચાર થવાની ગંદ આવી રહી છે. મોડાસા નગરપાલિકાના વહીવટીતંત્ર દ્વારા મોડાસા શહેરના પ્રજાજનોના આરોગ્ય અને સ્વચ્છ વાતાવરણ મળી રહે તેવા યોગ્ય પગલા ભરવા મોડાસાના લોકોએ માંગ કરી છે.

# ઊંઝા ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિમાં ખેડૂત વિભાગની ચૂંટણીમાં ૮ બેઠકો માટે ૨૦ ઉમેદવારી ફોર્મ ભરાયા

ઊંઝા, તા.૧૩

સમગ્ર ગુજરાતમાં આર્થિક સંગીન સ્થિતિ ધરાવતી ટોચની સહકારી સંસ્થા ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિની સામાન્ય ચૂંટણ અંગેનો અગાઉ જાહેર થયેલ કાર્યક્રમ મુજબ ખેડૂત મત વિભાગની ચૂંટણીમાં ઉમેદવારી નોંધાવનાર ટૂંડાવના વ્યકિતનું અકસ્માતમાં મોત થતાં આ વિભાગની ચૂંટણી મુલત્વી રાખવામાં આવી હતી.

બાદ આ વિભાગની ચૂંટણીનો કાર્યક્રમ નવેસરથી જાહેર થતાં ઉમેદવારી પત્ર ભરવાના છેલ્લા દિવસે ખેડૂતમત વિભાગની કુલ આઠ બેઠકો માટે ૨૦ ઉમેદવારોએ પોતાની ઉમેદવારી નોંધાવી હતી. જેમાં ચકાસણી દરમિયાન તમામ ફોર્મ માન્ય રહ્યા હતા.

બાદ આજે ઉમેદવારી પત્રક પરત ખેંચવાની અંતિમ તારીખે ૪ ઉમેદવારોએ ઉમેદવારી પરત ખેંતી લેતા હવે કુલ ૧૬ ઉમેદવારો ચૂંટણીજંગમાં રહેતાં ચૂંટણી ચિત્ર સ્પષ્ટ બની ગયું છે. અગાઉ મોકુફ રહેલ ખેડુત મત વિભાગની ચૂંટણીમાં ૩૭ ઉમેદવારોએ ઉમેદવારી નોંધાવી હતી.જયારે આ વખતની નવેસરની ચૂંટણીમાં ૨૦ ઉમેદવારોએ લૂંટણી લડવાની તૈયારી દર્શાવી છે.

દરમિયાન આ વખતની ચૂંટણીમાં બજાર સમિતિના વર્તમાન ચેરમેન ગૌરાંગભાઈ પટેલના સમર્થનવાળી વિકાસ પેનલ સામે ઊંઝા નગરપાલિકાના માજી પ્રમુખ શિવમભાઈ રાવલના સંયોજક હેઠળની પરિવર્તન પેનલ વચ્ચે ખરાખરીનો જંગ જામશે તેવી સ્થિતિ ઉભી થઈ છે. આમ ભાજપની વિચારસરણી ધરાવતા અગ્રણીઓની બે પેનલો સામ સામે ખુલ્લેઆમ ચૂંટણી મેદાનમાં ઉતરી હોઈ માહોલ ગરમાયો છે.

## ખેડબ્રહ્મા તાલુકામાં એક જ વિદ્યાર્થીએ પરીક્ષા આપી

ગુજરાત રાજય માધ્યમિક બોર્ડ દ્વારા લેવામાં આવી રહેલ ધો-૧૨ની પરીક્ષનો ગુરુવારથી પ્રારંભ થયો હતો.

ખેડબ્રહ્માની કે.ટી. હાઈસ્કૂલમાં ધોરણ-૧૨માં શુક્રવારના રોજ ઈતિહાસનું પેપર હતું. જેમાં સમગ્ર તાલુકામાંથી ફકત એક જ વિદ્યાર્થી રાધીવાડ ગામના સુથાર કિશનકુમાર મહેન્દ્રભાઈએ પરીક્ષા આપી હતી.

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટ્ઝ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
એક્સક્લુસિવ શો-રૂમ
AGL TILES WORLD
Radhe ENTERPRISE
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ટાટા મોટર્સની ઓથોરાઈઝ ડીલર
મોર્ડન મોટર્સ
ગુજરાત સરકાર માન્ય
ISO-9001:2008 COMPANY
સુવિધાઓ...
(૧) કોમ્પ્યુટરાઈઝ્ડ વ્હીલ એલાયમેન્ટ બેલેન્સીંગ
(૨) સર્વિસ ગ્રીસીંગ
(૩) મીકેનીકલ રીપેરીંગ
(૪) ઓટો ઈલેક્ટ્રીકલ કામ
(૫) બોડી-કલર કામ (૬) જેન્યુન સ્પેર પાર્ટ
(૭) ટાટા કંપનીના તમામ વાહનોનું રીપેરીંગ કામ સંતોષકારક કરી આપનાર
ઓથોરાઈઝ્ડ સર્વિસ ડીલર
TATA
ઓથોરાઈઝ્ડ ડીલર
Castrol
EXIDE INDUSTRIES LIMITED
BRIDGESTONE PASSION for EXCELLENCE
JKTYRE
ઓથોરાઈઝ્ડ ડીલર : બ્રીજસ્ટોન, જે.કે. ટાયર-ટ્યુબ, એકસાઈડ બેટરી, હીન્દુસ્તાન મોટર્સ લી.
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૮, કામા મોટર્સની બાજુમાં, ગાંધીનગર-૩૮૨ ૦૨૮
ફોન. : (ઓ) ૦૭૯-૨૩૨૧૧૪૮૫, ફેક્સ : (૦૭૯) ૨૩૨૧૨૬૪૦
મો. : ૯૮૨૫૨ ૬૨૨૯૧, ૯૯૦૪૦ ૪૪૭૦૦